આચાર્યપદ આપી પટ્ટધર બનાવ્યા અને તેમનું નામ વિજયસિંહસૂરિ રાખ્યું. સંયોગવશાત્ તેમણે જાહેર કરેલ પોતાના ઉત્તરાધિકારી શ્રી વિજયસિંહસૂરિનો સ્વર્ગવાસ તેમના જીવનકાળમાં જ થઈ ગયો. તેથી તેમણે વિ. સં. ૧૭૧૦માં શ્રી વિજયપ્રભસૂરિને પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા. તેમનો સંઘ 'દેવસુરસંઘ' નામે પ્રસિદ્ધ થયો.

## સ્તુતિ–સ્તવન–ચૈત્યવંદન–સજ્ઝાય–રાસ વગેરે વિપુલ સાહિત્યના સર્જક

# આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજ

આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિનો જન્મ વિ. સં. ૧૬૯૪માં મારવાડ દેશના ભિન્નમાલનગરમાં થયો હતો. તેઓ વીશા ઓશવાલ જ્ઞાતિના હતા. તેમના પિતાનું નામ વાસવ શેઠ, માતાનું નામ કનકાવતી અને તેમનું પોતાનું નામ નાથુમલ હતું. તેમણે આઠ વર્ષની વયે મુનિશ્રી ધીરવિમલ ગણિ પાસે સંયમ સ્વીકાર્યું હતું. તે વખતે તેમનું નામ મુનિ નયવિમલ રાખવામાં આવ્યું હતું.

સંયમ સ્વીકાર્યા પછી તેમણે શ્રી અમૃતવિમલ ગણિ તેમ જ શ્રી મેરુવિમલ ગણિ પાસે શાસ્ત્રાધ્યયન કર્યું. તેમને સુયોગ્ય જાણી વિ. સં. ૧૭૨૭માં ગુરુએ તેમને પંન્યાસપદથી વિભૂષિત કર્યા. તેમના ગુરુ વિ. સં. ૧૭૩૯માં સ્વર્ગવાસ પામ્યા.

તે સમયના સર્વ ગીતાર્થોએ વિચાર્યું કે, "હાલમાં સંવિગ્ન, જ્ઞાન, ક્રિયા અને વૈરાગ્યવાદી ગુણોથી સંપૂર્ણ અને આચાર્યપદ માટે યોગ્ય પંન્યાસ નયવિમલ ગણિ છે." તેથી તેઓએ આચાર્યશ્રી વિજયપ્રભસૂરિને પં. નયવિમલ ગણિને સૂરિપદથી અલંકૃત કરવા વિનંતી કરી. આચાર્યશ્રી વિજયપ્રભસૂરિએ એ વિનંતીને યોગ્ય જાણી *વિ. સં. ૧૭૪૮માં ફાગણ સુદ પાંચમને દિવસે સંડેર ગામમાં તેમને આચાર્યપદવીથી વિભૂષિત કર્યા અને તેમનું નામ જ્ઞાનવિમલસૂરિ રાખવામાં આવ્યું. આ નામ પાછળ તેમનો વિશાળ જ્ઞાન અનુભવ આચાર્યશ્રી વિજયપ્રભસૂરિએ અનુભવ્યો હતો તે છે. આ સમયે નાગજી પારેખે આચાર્યપદનો મહોત્સવ કર્યો અને સારું દ્રવ્ય ખર્ચ્યું. તેમના સમયમાં જૈનસંઘના સાધુવર્ગમાં શિથિલાચાર સારા પ્રમાણમાં પ્રવેશ્યો હતો અને તેથી તેમણે ક્રિયોદ્ધાર કરી તપસ્વી જીવોને મોક્ષનો માર્ગ સાચી રીતે અને શુદ્ધ રીતે આચરી બતાવ્યો હતો.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ, ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી, શ્રી દેવચંદ્રજી, શ્રી આનંદઘનજી વગેરે તેમના સમકાલીન હતા. તે સૌ સંવિગ્ન ગીતાર્થો હતા અને પરસ્પર પ્રત્યે આદરભાવ રાખતા હતા.

---

* 'શ્રી ચંદ્રકેવલી રાસ'માં આચાર્યપદવી સં. ૧૭૪૯માં ફાગણ સુદ પાંચમે પાટણમાં આપ્યાનો ઉલ્લેખ છે : 'નિધિ[૯] યુગ[૪] મુનિ[૭] શશિ[૧] સંવત માને ફાગણ સુદ ૫ંચમી દિનેજી, પત્તનનયરતણે તસ પાસે, પદ પામ્યું શુભ દેશે જી.' (શ્રી ચંદ્રકેવલી રાસ-ખંડ ૪થો, ઢાળ ૫૫મી, ગાથા ૧૫).

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ પ્રત્યે, તેમની શુદ્ધ પ્રરૂપણા પ્રત્યે આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિને અદ્ભુત આદર હતો. તેથી તેઓ તેમને 'વાચકરાજ' નામથી સંબોધતા. પૂજ્ય ઉપાધ્યાયજીનાં બનાવેલાં ઘણાં સ્તવનો ઉપર આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિએ ટીકાઓ રચી છે. ઉપરાંત ઉપાધ્યાયજીના સ્વર્ગવાસ પછી તેઓએ અને શ્રી દેવચંદ્રજીએ સંયુક્તપણે (શ્રી શ્રીપાલરાસનો ઢાળ લઈ) શ્રી નવપદજીની પૂજાની રચના કરી. તે કૃતિને મહોપાધ્યાય શ્રી યશોવિજયની કૃતિ તરીકે રજૂ કરી છે.

તેમણે અનેક વખત શ્રી સિદ્ધાચલજી તીર્થની યાત્રાઓ કરી હતી. ૧૭ અંજનશલાકા કરી હતી તેમ જ બીજાં પણ અનેક પ્રતિષ્ઠાદિ કાર્યો કરાવ્યાં હતાં. ઘણા મુનિઓને પંડિત અને વાચકપદનાં દાન કર્યાં હતાં. વિ. સં. ૧૭૭૦માં સુરતના શ્રી પ્રેમજી પારેખે શ્રી સિદ્ધાચલજીનો સંઘ તેમના ઉપદેશથી કાઢ્યો હતો. તેમનું વિહારક્ષેત્ર મોટે ભાગે ગુજરાત, સૌરાષ્ટ્ર તેમ જ મારવાડ હતું. સુરત શહેરમાં તેમણે અનેકવાર સ્થિરતા કર્યાના ઉલ્લેખો સાંપડે છે. વિ. સં. ૧૭૭૫માં તેમણે સુરતમાં તીર્થમાલા રચી. વિ. સં. ૧૭૩૩માં સકલાર્હત્સ્તોત્ર પર સુરતમાં ટબો રચ્યો. વિ. સં. ૧૭૮૦માં સુરતમાં પ્રભુપ્રતિષ્ઠા કરાવી.

તેમની કાવ્યશક્તિ અદ્ભુત હતી. સંસ્કૃત સાહિત્યમાં જેવું સ્થાન કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનું હતું, તેવું જ સ્થાન લોકભાષાની કવિતામાં તે યુગમાં આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિનું હતું. તેમણે સંસ્કૃત, ગુજરાતીમાં અનેક ગ્રંથો રચ્યા છે, જે પૈકી નીચેના ગ્રંથો મુખ્ય છે :

| | |
|---|---|
| નરભવદિટ્ઠંતોવનયમાલા | પ્રશ્નદ્વાવિંશિકાસ્તોત્ર |
| પ્રશ્નવ્યાકરણસૂત્રવૃત્તિ | જિનપૂજાવિધિ |
| સંસારદાવાનલસ્તુતિવૃત્તિ | વીશસ્થાનકતપવિધિ |
| શ્રીપાલચરિત્ર | જ્ઞાનવિલાસ |
| સંયમતરંગ | તીર્થમાલા |
| નવતત્ત્વ બાલાવબોધ | સૂર્યાભનાટક |
| આનંદઘન ચોવીશી બાલાવબોધ | સાધુવંદનારાસ |
| ૩૫૦ ગાથાના સ્તવનનો બાલાવબોધ | જંબૂસ્વામીરાસ |
| દીવાલીકલ્પ બાલાવબોધ | શ્રી ચંદ્રકેવલીરાસ |
| આધ્યાત્મકલ્પદ્રુમ બાલાવબોધ | બે ચોવીશીઓ |
| પાક્ષિકસૂત્ર બાલાવબોધ | દશદૃષ્ટાંતની સજ્ઝાય |
| ધ્યાનમાલા ઉપર ટબો | યોગદૃષ્ટિની સજ્ઝાય |

ઉપરાંત, સિદ્ધાચલનાં સંખ્યાબંધ સ્તવનો, રાસો, સ્તુતિઓ વગેરેની રચના કરી છે.

તેમનું આયુષ્ય ૮૮ વર્ષનું હતું, જેમાં ૮૦ વર્ષનો સુદીર્ઘ ચારિત્રપર્યાય હતો. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૭૮૨માં ખંભાત મુકામે આસો વદ ૪ ને દિવસે પ્રભાતકાળે અનશનપૂર્વક–સમાધિપૂર્વક થયો હતો. તેઓશ્રી ભવ્યસમૂહમાં અત્યંત પ્રીતિપાત્ર હતા. તેથી જ્યારે તેમનો

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વર્ગવાસ થયો ત્યારે ખંભાતમાં ૪૦ દિવસ પર્યંત અમારિપ્રવર્તન કરાવવામાં આવ્યું હતું. ખંભાતના દરિયામાં માછીમારોએ પણ ધંધો બંધ રાખ્યો હતો.

સુરતના સૈયદપરામાં નંદીશ્વરદ્વીપના જિનાલયના ચોકમાં તેમનાં પગલાંની દેરી છે, જે તેમના સ્વર્ગવાસના વર્ષમાં જ ત્યાં સ્થાપિત કરાઈ છે. સુરતમાં તેમની વિશેષ સ્થિરતાને કારણે અને સંભવતઃ સૈયદપરામાં સ્થિરતાના કારણે ત્યાં દેરી સ્થપાઈ હોવાની કલ્પના કરી શકાય. ત્યાં કલાત્મક નંદીશ્વરદ્વીપનું દેરાસર છે, જે તેમની પ્રેરણાથી, તેમની દેખરેખ નીચે તૈયાર થયું હતું. આ રીતે, અઢારમી શતાબ્દીને તેમણે પોતાના તપઃપૂત જીવનથી, સંવિગ્નપણાથી, જ્ઞાનના પ્રકાશથી તથા અનેક ગુણોથી અજવાળી છે.

(શ્રી જૈનસાહિત્યવિકાસ મંડળ–મુંબઈ દ્વારા પ્રકાશિત 'પંચપરમેષ્ઠી ધ્યાનમાલા'માંથી સાભાર.) ('પ્રબુદ્ધજીવન'ના તા. ૧૬–૫–૮૭ના અંકમાં ડૉ. કુમારપાળ દેસાઈના "જૈન સાહિત્યમાં આચાર્ય જ્ઞાનવિમલસૂરિજીનું પ્રદાન" લેખમાં તેમના સાહિત્ય વિશે સારી એવી માહિતી આપવામાં આવી છે.)



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org